

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ખૂલ્યાં છે દર્શન, દેવ ને ચેપ લગાડશો નહીં !
વ્યક્ત કરજો શ્રદ્ધા, સૂતા સાપ જગાડશો નહીં !
વગાડશો નહીં ઢોલ અતિશય આત્મ વિશ્વાસે -
'અંતર'માં રાખો પ્રભુ, 'અંતર' બગાડતા નહીં!

હાઈકુ

ચીની કૂતરું,
મારી કબૂતરને -
પીંખે શાંતિને...
(સીમા ભૂખ)

સત્તાની ભૂખ
કરાવે કાળું મુખ,
લજવે કૂખ !
(ગૂલાંટબાજો)

### ચિંતન

જબ કાહુ કે દેખહિં બિપતી,
સુખી ભએ માનહ જગ નદયતિ ।
સ્વારથ રત પરિવાર બિરોધી,
લંપટ કામ લોભ અતિ ક્રોધી ॥

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

અહીં દુર્જનનાં લક્ષણ જણાવતા કહેવાયું છે કે દુર્જનોનો સ્વભાવ જ એવો હોય છે કે જ્યારે બીજા કોઈને આપત્તિ - મુશ્કેલીમાં જુએ ત્યારે મનમાં છૂપો આનંદ અનુભવે - દુર્જન લોકો કોઈનું સારું જોઈ શકતા નથી, કોઈને મદદરુપ થતાં નથી. બીજાની તકલીફોમાં તેઓ આનંદીત થાય છે કે જાણે ચારેય ભવનનું એમને રાજ મળી ગયું હોય !! દુર્જનો માત્ર પોતાનું જ હિત જુએ છે, પોતાના સ્વાર્થનું સવાયા હોય છે. પોતાના હિત માટે બીજા ઘણાનું અહિત થાય તો પણ તેમને તેનો છોછ હોતો નથી.

તેઓ સ્વભાવે લંપટ અને કામી હોય છે, વળી સત્ચારિત્ર્ય જેવું એમની પાસે કંઈ જ હોતું નથી. સ્વભાવે લોભી અને કંજૂસ હોય છે, અને વાતવાતમાં ઉશ્કેરાટ અને કજિયા કરે છે.

### સુવિચાર

- પ્રશંસા સે પિઘલના મત ઔર આલોચના સે ઉબલના મત - **ઈકબાલ કુરેશી**
- કયારેક પારકા ઘર વારી જવાય છે - કયારેક આપણાથી હારી જવાય છે - **ચંદ્રેશ મકવાણા**
- ખુદના અસ્તિત્વનો કોઈ પણ ઉંમરે થતો પ્રથમ અહેસાસ એ જ તમારી જન્મતારીખ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે હિંમત વિના આ જગતમાં કશું જ નહીં કરી શકો. આત્મ-સન્માન પછીનો એ મનનો સૌથી શ્રેષ્ઠ ગુણ છે - **જેમ્સ એલન**
- નિષ્ફળતા હકીકત નથી, પ્રતિભાવ છે - **રોબર્ટ એલન**
- તમને જે પ્રશ્નો થાય છે, તેનો જવાબો તમારી અંદર જ છે, બીજાનો પ્રકાશ ઉધાર ન લો, તમારો જ પ્રકાશ પ્રગટાવો - **એન્થની ડી મેલો**
- આજનું ઔષધ : છાલ સાથે કેરીના પાણીમાં ઉકાળી તે પાણીથી ચહેરો ધોવાથી ખીલ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજિન્દરસિંહ રીહલુને પોલિયો થયો હતો. બેવ પગમાંથી વિકાસ ન થવાને કારણે તે ઊભા રહી શકતો નહોતો. તેણે એક મિત્ર થકી વેઈટલિફટીંગના ગુરુ પિયારા સિંહ સાથે મુલાકાત કરી ઈચ્છઆ વ્યક્ત કરી કે 'હું પણ વેઈટલિફટીંગ કરીશ.' પિયારા સિંહે રાજિન્દરને શિષ્ય તરીકે સ્વીકાર્યો અને કહ્યું, 'હું તને વેઈટલિફટીંગ કેટલીક ટ્રીક્સ બતાવું છું, જેનાથી તારા પગ મજબૂત થઈ શકશે અને જો તું આવતા છ મહિનામાં એક સો કિલો વજન ઉઠાવીશ તો હું તને મારો ખાસ શિષ્ય બનાવી આગળની સ્પર્ધામાં મોકલીશ.' 'પિયારા સિંહની ટ્રીક્સ ઉપર છ મહિના રાજિન્દરે સખત મહેનત કરી અને છ મહિના પછી એકસો પંદર કિલો વજન ઊંચકી સૌને આશ્ચર્યચકિત કરી દીધા.' પિયારા સિંહે આગળની સ્પર્ધાઓ માટે રાજિન્દરને ટ્રેનિંગ આપવાની શરુઆત કરી. રાજિન્દરની ધગશને કારણે તેનો દેખાવ સતત સુધરતો ગયો. લોકો બે પગમાં પોલિયો હોવા છતાં રાજિન્દરને વેઈટલીંફટીંગ કરતા જોઈ આશ્ચર્ય પામી ગયા. ગ્રીસની ૨૦૦૪ ની પેરાલિમ્પિકમાં રાજિન્દરે ભારતને કાસ્ય પદક અપાવ્યો. ૨૦૧૪ માં કોમનવેલ્ત ગેમ્સમાં તેણે સિલ્વર મેડલ અપાવ્યો. ભારત સરકારે તેની મહેનત અને ધગશ જોઈ અર્જુન પુરસ્કારથી સન્માનિત કર્યો. મનોબળ મજબૂત હોય, મન મક્કમ હોય તો શારીરિક અક્ષમતાને માત આપી શકાય છે. રાજિન્દરની સફળતાથી એ વાત સાબિત થાય છે કે ઈમાનદારીથી કોશિશ કરનારાની કયારેય હાર થતી નથી.

# ચાલો, સિંહોની સંખ્યા તો વધી છે

**તંત્રીસ્થાનેથી...**

કોરોના સામે હથિયાર હેઠાં મૂકી દીધા પછી પણ કુદરતે ગુજરાત અને દેશને એક અનોખું આશ્વાસન તો આપ્યું જ. એશિયાઈ સિંહ તરીકે ઓળખાતી પ્રજાતિના ડાલામથ્થા સિંહોની વસતી ગણતરી યોજાઈ એમાં ઘણાં પ્રોત્સાહક પરિણામ મળ્યાં છે. હવે તો નવી ટેકનોલોજી મુજબ આવા દુષ્કર કાર્યમાં પણ સાચા આંકડા મેળવી શકાય છે. સિંહ ભલે આપણા રાષ્ટ્રીય પ્રાણીની ઓળખ ન ધરાવતો હોય છતાં સિંહ એ સિંહ છે. જંગલના રાજા તરીકેની એની ઓળખ કોઈ સરકાર ભૂંસી શકે એમ નથી. ગીરનાં ઝાડીઝાંખરાંવાળાં પાંખાં જંગલ સિંહનો વસવાટ માટે અનુકૂળ આવી ગયા છે. આખા એશિયા ખંડમાં સિંહો ફક્ત ગુજરાતના ગીર પંથકમાં જ સેટ થઈ શકયા છે. કયારેક આફ્રિકા અને એશિયા ખંડનો આપણો પ્રદેશ જોડાયેલા હતા. કાળક્રમે ધરતી ફાટી, વચ્ચે સમુદ્ર લહેરાવા લાગ્યો, એથી સિંહોના બે વસવાટ થયા : આફ્રિકન સિંહ આપણા સિંહ કરતા થોડો વધારે કદાવર છે, ત્યાંના માણસોની જેમ ! છેલ્લાં વર્ષો દરમિયાન સિંહોને લગતા માઠા સમાચાર હેડલાઈનો બનતા રહ્યા છે. કયારેક વાડામાંથી વાછરડાં કે ઘેટા બકરાંને ઉઠાવી જતો વરતાયો છે તો કયારેક માનવી પર પણ હુમલાના કિસ્સા બનતા રહ્યા છે. સિંહને એના વસવાટમાં થતું માનવીનું અતિક્રમણ ગમતું નથી, પણ જંગલનો રાજા લાચાર બની ગયો છે. સહેલાણીઓ માટે એ ફક્ત જોણું બની રહ્યો છે. ઉત્સાહી જુવાનિયા તો જાતજાતના નુસખા અજમાવી સિંહ સાથે સેલ્ફી લેવા લાગ્યા છે. વનરક્ષકો પણ લાલચમાં આવી જઈ આ રક્ષિત પ્રાણી સાથેની છેડછાડમાં સહયોગ આપતા થઈ ગયા છે. કોઈ નાનું-મોટું બકરું કે પાડરડું મારણ તરીકે બાંધીને સિંહને એની પાસો લઈ આવે છે. એની ફોટોગ્રાફી કરે છે. કયારેક સિંહની પાછળ જીપ દોડાવી એને ભયભીત કરી મૂકે છે. માણસ પાસે બંદૂક છે, વાહન છે. સિંહ પાસે તો ફક્ત એની ડણક છે અને નહોર છે. જંગલો કપાતાં જાય છે, માનવીનું અતિક્રમણ વધતું જાય છે - એથી નાછૂટકે આ એકાંતપ્રેમી પ્રાણીને માનવ વસ્તિની નજીક ખોરાકની શોધમાં આવવું પડે છે. વડાપ્રધાન સિંહોના વસવાટનું ક્ષેત્રફળ વધ્યું હોવાનું ગૌરવ લે છે. હકીકતમાં સિંહોની તો એ મજબૂરી છે કે એમને પોતાનું વહાલું રજવાડું છોડીને બીજા વિસ્તારો શોધવા પડ્યા છે. ઘણા સિંહબાળ કૂવામાં પડી જાય છે, કેટલાક આળસુ જીવો રેલના પાટા પરથી ખસતા નથી અને કપાઈ મરે છે. સિંહોના સંરક્ષણ માટે રાજય સરકારે વધુ ગંભીર બનવાની જરૂર છે. એમને પણ એમના રોગચાળા હોય છે. એ બધી બાબતોનું ધ્યાન રાખી, સિંહદર્શન જેવા 'હિંસક' કાર્યક્રમો સાથે એના મૂળ પરિવેશમાં જીવવા દઈએ તે જરૂરી છે. આપણે જંગલના રાજાને પ્રદર્શનની ચીજ બનાવી દીધો છે. શિકાર પર ઓન પેપર પ્રતિબંધ જરૂર છે. પરંતુ જંગલ માફિયા તો એમની કાળી કરતૂતોને અંજામ આપતા જ રહે છે. ત્રીસ ટકા જેવો વસતિ વધારો જરૂર આનંદદાયક ગણાય, પરંતુ સિંહનું ચરિત્ર બદલાઈ રહ્યું છે, એ સિંહપણું ગુમાવી કૂતરું બની રહ્યો છે - એની પણ આપણે ચિંતા કરવી જ રહી. ગુજરાતમાં 'સિંહ'નું પૂંછડું લગાવી ફરતા રાજકારણીઓનું કયારેક ભારે વજૂદ હતું. મોદીરાજાએ એ બધાના નહોર ખેંચી કાઢ્યા છે અને એમને સર્કસના સિંહ બનાવી દીધા છે. સિંહોનું રાજકારણ પૂરું થઈ ગયું છે.

આશ્વાસન લઈએ કે મેઘાણીની ચારણ કન્યાએ ડાંગ ઉગામીને ઊભી પૂંછડીએ ભગાડેલા સિંહોની વસતિમાં નોંધપાત્ર વધારો થયો છે. વણિક રાજાના તાબા હેઠળ જંગલખાતાના સાહેબ લોકોને અભિનંદન !

# ઋષિઓ અને મુનિઓની વિજ્ઞાન વાણી



## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

પ્રાચીન ભારતના ઋષિ-મુનિઓના વૈજ્ઞાનિક અભિગમની પ્રતીતિ થાય; એટલે અહીં માત્ર કેટલાંક અવતરણો આપેલાં છે :

(૧) બ્રહ્મા, આચાર્ય, વસિષ્ઠ, અત્રિ, મનુ, પૌલસ્ત્ય, લોમશ, મરીચ, અંગિરસ્, વ્યાસ, નારદ, શૌનક, ભૃગુ, ચ્યવન, યવન, ગર્ગ, કશ્યપ અને પરાશર - આ અઢાર વિદ્વાનો ખગોળવિદ્યાના પ્રવર્તકો છે - નારદ સંહિતા.

(૨) સૂર્ય અસ્ત પામે ત્યારે ત્યાં અગ્નિની જવાળા જેવું દેખાય છે. એ દિગ્દાહ છે, એમ જાણવું - જયોતિષસંહિતા

(૩) દિગ્દાહ આઠ પ્રકારની છે, વિદ્યુત પણ આઠ પ્રકારની છે. પરંતુ ઉલ્કાઓ નવ પ્રકારની છે - અથર્વવિશિષ્ટ.

(૪) આકાશમાં સૂર્યનાં હજારો કિરણો છે પરંતુ તેમાં શ્રેષ્ઠ સાત કિરણો છે - સુષુમન, હરિકેશ, વિશ્વકર્મા, વિશ્વશ્રવા, સંપદ્વસુ, અર્વાકવસુ, સ્વરાટ. આ સાતમાંથી ગ્રહો પ્રગટ્યા છે - વાયુપુરાણ

(૫) આ પૃથ્વીના પેટાળમાં અગ્નિ છે - શતપથ બ્રાહ્મણ

(૬) આ પૃથ્વી વર્તુળાકાર છે, ગોળશ છે - કાઠક બ્રાહ્મણ

(૭) હે અગ્નિ ! દ્યુલોકમાં તારો ધુમાડો ધજામાં ફેરવાઈ ગયો. ધુમાડો ધૂમકેતુ બની ગયો - ઋગ્વેદ

(૮) દેવલના મતે ધૂમકેતુઓ એકસો આઠ છે - અદ્ભૂત સાગર

(૯) આ શરીર વાત, પિત્ત અને કફ - ત્રણ ધાતુઓને ધારણ કરે છે. આ ધાતુઓ સમભાગે હોય, તો શરીર બધાં કાર્યો કરી શકે છે. પરંતુ હે જવર ! તું એમાં પ્રવેશ કરે છે, અગ્નિનું રુપ લઈ લે છે; પછી જીવન સત્ત્વને બાળી નાખે છે. શરીરમાં પ્રગટ થાય છે. અમારી આ પરિસ્થિતિ છે. તું જાણે છે એટલે જ તને વિનંતી છે - હે જવર! તું અમને છોડી દે - અથર્વવેદ.

(૧૦) સર્પદંશના ત્રણ પ્રકાર છે : (૧) સકત - વિષનો માત્ર સ્પર્શ થયો હોય (૨) અખાત - માત્ર દાંત બેઠા હોય (૩) ખાત - ઘા ઊંડો હોય - અથર્વવેદ

(૧૧) ભૂમિ જયાં સુંવાળી હોય, નીચાણ વાળી હોય, રેતાળ હોય, એની અંદરથી અવાજ આવતો હોય; તો ત્યાં અંદર સાડા ચાર કે પાંચ માથોડે પાણી હોય - બૃહત્સંહિતા.

(૧૨) જયાં વડ, ખાખરો અને ઊંબરો - આ ત્રણ વૃક્ષ સાથે ઊગ્યાં હોય; ત્યાં નીચે ત્રણ માથોડે પાણી હોય. જયાં વૃક્ષ અને પીપળો સાથે ઊગ્યો હોય; ત્યાં નીચે પાણીની સરવાણી ઉત્તર દિશા તરફ વહેતી હોય - બૃહતસંહિતા

(૧૩) જેઠ માસની પૂનમ પછી વાદળ આકાશમાં જોવા મળે, તો એમાંથી વરસતા જળની વાત મેં આ પહેલાં કરી છે; એ બળદેવના મતને આધારે કરી છે અને હવે મેં ભૂમિની નીચેથી મળતા જળની વાત કરી છે એ મેં - આ વરાહમિહિરે કરી છે. આ હું કરી શક્યો છું; એ મારા પુરોગામી મુનિઓની કૃપાથી કરી શક્યો છું - બૃહત્સંહિતા

(૧૪) ઈન્દ્રિયોથી પર વિષયો, વિષયોથી પર મન અને મનથી પર બુદ્ધિ છે. બુદ્ધિથી પર આત્મા છે - કઠ ઉપનિષદ.

# કોલારની સોનાની ખાણ કયા રાજયમાં આવેલી છે?



## ખજાનો

અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

૧ ભારતના કયા રાજયમાં ગ્રેફાઈટનું ઉત્પાદન સૌથી વધારે થાય છે ?
(અ) અરુણાચલ પ્રદેશ (બ) મેઘાલય
(ક) આસામ (ડ) નાગાલેન્ડ

૨ ૪૦૧૬ કિ.મી. લંબાઈનો ઉત્તર-દક્ષિણ કોરિડોર કયા બે સ્થળોને જોડે છે?
(અ) દિલ્હી-કન્યાકુમારી (બ) શ્રીનગર કન્યાકુમારી
(ક) દિલ્હી - ત્રિવેન્દ્રમ્ (ડ) શ્રીનગર - ત્રિવેન્દ્રમ્

૩ હિન્દુસ્તાન શીપયાર્ડ લિમિટેડની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ઈ.સ. ૧૯૩૫ (બ) ઈ.સ.૧૯૪૧
(ક) ઈ.સ. ૧૯૪૭ (ડ) ઈ.સ. ૧૯૫૦

૪ ૧૯૮૩માં ભારતમાં સૌપ્રથમ મારુતિ ઉદ્યોગ લીમીડેડની સ્થાપના કયાં કરવામાં આવી હતી ?
(અ) હિસ્સાર (બ) ચંડીગઢ
(ક) ગુડગાંવ (ગુરુગ્રામ) (ડ) આગ્રા

૫ પશ્ચિમ બંગાળના રિશેરામાં ૧૮૫૯માં કયા ઉદ્યોગનું પ્રથમ કારખાનું શરૂ થયું હતું ?
(અ) કાપડ મીલ (બ) રેલવે એન્જીન બનાવવાનું
(ક) લોખંડ ઉદ્યોગ (ડ) શણ ઉદ્યોગ

૬ ઈ.સ. ૧૮૫૪માં મુંબઈમાં કોણે સૌ પ્રથમ કાપડની મીલ શરૂ કરી હતી ?
(અ) રણછોડલાલ રેટીયાવાળા (બ) અંબાલાલ સારાભાઈ
(ક) કાસવજી દાવર (ડ) જમશેદજી તાતા

૭ ઈ.સ. ૧૯૪૦ દેશનું પ્રથમ સાયકલ બનાવવાનું કારખાનું કયાં શરુ થયું હતું ?
(અ) દિલ્હી (બ) કોલકાત્તા
(ક) વિશાખાપટ્ટનમ્ (ડ) મુંબઈ

૮ ઈલેકટ્રીક બલ્બમાં વપરાતું ટંગસ્ટનનું સૌથી વધુ ઉત્પાદન કયાં થાય છે?
(અ) દેગાના (રાજ.) (બ) ગ્વાલિયન (મ.પ્રદેશ)
(ક) ચંડીગઢ (હરિયાણા) (ડ) પૂના (મહારાષ્ટ્ર)

૯ કયું રાજય ઉનના ઉત્પાદનમાં અગ્રેસર છે ?
(અ) જમ્મુ - કાશ્મીર (બ) પંજાબ
(ક) રાજસ્થાન (ડ) ઉત્તરાખંડ

૧૦ ચિતરંજન લોકો મોટીવ વક્સની સ્થાપના કયારે કરવામાં આવી ?
(અ) ઈ.સ. ૧૯૪૫ (બ) ઈ.સ. ૧૯૫૦
(ક) ઈ.સ. ૧૯૫૭ (ડ) ઈ.સ. ૧૯૬૧

૧૧ કોને ઉદ્યોગની રોટી કહેવાં આવે છે ?
(અ) પેટ્રોલિયમ (બ) કોલસો
(ક) લોખંડ (ડ) એલ્યુમિનિયમ

૧૨ ઈરુલા અનુસૂચિત જનજાતિના લોકો કયાં રાજયમાં રહે છે ?
(અ) કેરાલા (બ) આંધ્રપ્રદેશ
(ક) તમિલનાડુ (ડ) સિક્કિમ

૧૩ બકિંઘમ નહેર કયાં રાજયમાં જલપરિવહન માટે ઉપયોગમાં લેવાય છે ?
(અ) કર્ણાટક (બ) આંધ્રપ્રદેશ
(ક) તમિલનાડુ (ડ) ઓડિશા

૧૪ રત્નાગીરી બંદર કયાં રાજયમાં આવેલ છે ?
(અ) ગુજરાત (બ) મહારાષ્ટ્ર
(ક) કર્ણાટક (ડ) તમિલનાડુ

૧૫ કોલારની સોનાની ખાણ કયા રાજયમાં આવેલી છે ?
(અ) કર્ણાટક (બ) ઓરિસ્સા
(ક) કેરાલા (ડ) મધ્યપ્રદેશ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૨ જુન : વિશ્વ બાળમજૂર વિરોધી દિવસ**
  - આજીવન લોકસેવક અને ક્રાંતિકારી ગોપબંધુદાસનું નિધન (૧૯૨૮)
  - વીસમી સદીના મહાન વાર્તાકાર શ્રી અર્નેસ્ટ મિલર હેમિંગ્વેનો જન્મદિવસ (૧૮૯૯)
  - પાકિસ્તાનના સર્વશ્રેષ્ઠ બેટ્સમેન જાવેદ મિયાંદાદનો જન્મદિવસ (૧૯૫૭)
  - નેપોલિયન બોર્નાપાર્ટે રશિયા પર આક્રમણ કર્યું (૧૮૧૨)
- **૧૩ જુન :**
  - પારંપરિક ગઝલ ગાયક મહેંદી હસનનું નિધન (૨૦૧૨)
  - દિલ્હીના ગ્રીન પાર્કમાં આવેલ ઉપહાર સિનેમા આગ દુર્ઘટના (૧૯૯૭)
  - ન્યૂઝીલેન્ડનો ઓલ રાઉન્ડર ખેલાડી ક્રિસ કેઈન્સનો જન્મદિવસ (૧૯૭૦)
  - રજવાડાના રાજકુાર દુલીપસિંહનો જન્મદિવસ (૧૯૦૫)
- **૧૪ જુન : વિશ્વ રક્તદાતા દિવસ**
  - સિલોનના વતની છતાં ભારતને કર્મભૂમિ બનાવનાર એડવર્ડ વિલિયમ આર્યનાયકમનું નિધન (૧૯૬૭)
  - ભારતીય ઉદ્યોગ જગતના બિરલા પરિવારના કુમાર મંગલમ્ બિરલાનો જન્મદિવસ (૧૯૬૭)
  - નોર્વેએ મહિલાઓ પાસેથી તેમનો મતાધિકાર છીનવી લીધો (૧૯૦૭)
  - વિયેતનામ સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું (૧૯૪૯)
- **૧૫ જુન :**
  - પ્રયોગશીલ ગુજરાતી ગઝલ - કવિતાના રચિયતા શામળદાસ સોલંકી (શ્યામ બાબુ) નો જનમદિવસ (૧૯૪૧)
  - રાષ્ટ્રસેવક અબ્બાસ તૈયબજીનું નિધન (૧૯૩૯)
  - દુનિયાની પ્રથમ હવાઈ દુર્ઘટનામાં બ્લુનથી મુસાફરી કરી રહેલા ફ્રાન્સના બે નાગરિકોના મોત (૧૭૮૫)
  - જાપાનના સાનરીકુ ટાપુ પર આવેલી સુનામીમાં ૨૨ હજાર લોકોના મોત થયા (૧૮૯૬)
- **૧૬ જુન :**
  - ભારતની આઝાદી માટે ફના થનાર રાષ્ટ્રભક્ત બાપુ ચિતરંજનદાસનું નિધન (૧૯૨૫)
  - મહાન ભક્ત કવિ સંત કબીરનું નિધન (૧૫૧૮)
  - રશિયન અવકાશયાત્રી વેલેન્તીયાના તેરસ્કાયો અંતરીક્ષમાં જનાર પ્રથમ મહિલા બની (૧૯૬૩)
- **૧૭ જુન : વિશ્વ રણ વિસ્તાર અને દુષ્કાળ રોકથામ દિવસ**
  - બંગાળના રાજકીય અને કેળવણી તપ્ના પર અજોડ કામ કરનાર સર પ્રફુલચંદ્ર રેનું નિધન (૧૯૪૪)
  - સાહિત્યકાર પૂજાલાલ રણછોડદાસ દલવાદીનો જન્મદિવસ (૧૯૦૧)
  - મોગલ બાદશાહ શાહજહાંની બેગમ મુમતાઝનું નિધન (૧૬૩૧)
  - સરદાર પટેલને ભારત સરકારે 'ભારત રત્ન' એનાયત કરવાની જાહેરાત કરી (૧૯૯૧)
- **૧૮ જુન :**
  - ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઈનું નિધન (૧૮૫૮)
  - રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચમા સરસંઘ ચાલક કે.એલ. સુદર્શનનો જન્મદિવસ (૧૯૩૧)
  - દાદા ધર્માધિકારીની જન્મજયંતિ (૧૮૯૯)
  - ઈંગ્લેન્ડ અને અમેરિકા વચ્ચે દુનિયાની પ્રથમ પ્રસારણ સેવા શરૂ થઈ (૧૯૫૯)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

ભારતમાં વનમહોત્સવની શરૂઆત કોણે કરાવી હતી ? જવાબ : કનૈયાલાલ માણેકલાલ મુનશી (૧૯૫૦)

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૬) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

હાલમાં મહારાષ્ટ્ર રાજયના રાજયપાલ કોણ છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# સમાજના બે સ્તંભ : દીકરી અને પુત્રવધુ



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

દીકરો એ બાપુનં રુપ છે તો દીકરી એ બાપનું સ્વરુપ છે. દીકરી એટલે બાપની હૂંફની ગૂફા કે જેમાં બેસીને બાપ રાહતનો દમ ખેંચી શકે છે. બાપ માટે દીકરી અનન્યા છે. દીકરી વ્હાલનો દરિયો છે. દીકરો મોટો થઈને બાપને આર્થિક ઉપાર્જન કરીને ઘર ચલાવવામાં, સામાજિક વ્યવહારોમાં, પાછલી અવસ્થામાં ટેકો કે આધાર બનવામાં મદદરુપ થાય છે. આમછતાં બધા જ પરિવારોમાં દીકરાઓ માબાપ સાથે સતત જોડાયેલાં રહેતા હોત તો સમાજમાં વૃદ્ધાશ્રમો ઉભરાતા ન હોત. બીજી બાજુ દીકરી પણ બાપને મદદરુપ થાય છે. જેમાં દીકરીનો કોઈ સ્વાર્થ હોતો નથી. દીકરી સાસરે ગયા પહેલાં કે પછી પણ બાપનો સતત વિચાર કરતી હોય છે.

દીકરીને પરણાવી દીધી એટલે દીકરી પારકા ઘરની સભ્ય બની જાય છે. પારકા ઘરની સભ્ય બનવા છતાં દીકરી પોતાના બાપને કયારેય ભૂલી નથી. દીકરી બાપ સાથે માંગણીના નાતે નહીં, પણ લાગણીના નાતે જોડાયેલી હોય છે. કયારેક દીકરા વગરના બાપને કે બાપથી જુદા રહેતા દીકરાની ગેરહાજરીમાં જરૂર પડે દીકરી બાપને કાંધ પણ આપે છે. આપણા સમાજમાં સ્મશાનમાં સ્ત્રીઓ જતી નથી. પણ બાપઘેલી કેટલીક દીકરીઓએ સ્મશાનમાં જઈને પોતાના બાપને અગ્નિદાહ આપ્યો હોવાના ઘણા દાખલાઓ છે. દીકરીના બાપ બનવું એ નાનીસૂની ઘટના નથી. જેને અગણિત પુણ્ય કર્યા હોય એને ત્યાં જ દીકરી જન્મ લેતી હોય છે.

મા તે મા છે, એમ દીકરી એટલે દીકરી પણ છે, દીકરીને સવાઈ મા કહી શકાય. દીકરી પોતાના બાપની સેવા-સૂશ્રૂષા એવી રીતે કરે છે કે જાણે તે સવાઈ મા ન હોય ! સ્ત્રીનાં તમામ સ્વરુપો દીકરીમાં સવાઈ જતાં જોઈ શકાય છે. કહેવત છે કે, 'મા વિના સૂનો સંસાર' તો કહી શકાય કે, 'દીકરી વિના અધૂરો સંસાર.' સંસારમાં રહીને સાચા પ્રેમને પામવો અને ચાખવો હોય તો દીકરીના બાપ બનવું પડે. દીકરીા બાપ નસીબદાર વ્યક્તિ જ બની શકે. જે બાપને પોતાની દીકરીના બાપ બનવું પડે. દીકરીના બાપ નસીબદાર વ્યક્તિ જ બની શકે. જે બાપને પોતાની દીકરી નથી તે બાપે આ સંસારમાં રહીને કશુંક મોટું ગુમાવ્યું છે. આ વાતની પ્રતીતિ દીકરી વિહોણા કમનસીબ બાપને નહીં થાય. આ પ્રતીતિ કરવા સદ્નસીબ હોવું જોઈએ અને સદનસીબ બનવા દીકરીના બાપ બનવું પડે. જે સ્ત્રીઓ પાંચેય આંગળીએ પ્રભુને પૂજ્યાં હોય તેને ત્યાં જ દીકરી જન્મ છે ને તેનું આંગણું સુવાસથી સતત મહેંકતું રહે છે. બુલબુલ કે કોયલના ટહૂકા તેને ત્યાં જ ગૂંજ્યા કરતા હોય છે, જેને ત્યાં દીકરી પતંગિયાની માફક ઉડાઉડ કરતી હોય છે.

દીકરીને ઘડવામાં માનો ફાળો અનન્ય છે. તો બાપને ઘડવામાં દીકરીનો ફાળો અનન્ય છે. જેમ મા વિનાની દીકરી અધૂરી છે તેમ દીકરી વિનાનો બાપ અધૂરો છે. આ દુનિયાની એવી એક પણ દીકરી નહીં હોય, જેણે પોતાના બાપને સાચવ્યો ન હોય અને પોતાના બાપની ચિંતા ન કરી હોય ! ઉંમરમાં નાની લાગતી દીકરી સમજણમાં મોટી હોય છે. પોતાની મનગમતી વાનગી ખાવા બેસતી દીકરી પહેલાં માનો પૂછે છે કે, પપ્પા માટે રાખી છે? રાત્રી પોતે પથારીમાં સૂઈ જઈને બાપને પલંગ કે ખાટલામાં સૂવાડતી આ દીકરીનો ઓરતો કયાં બાપને ન આવે ? દીકરી પોતાના ખર્ચમાં કાપ મૂકીને બાપની આવકમાં ઘર ચલાવવામાં માને મદદ કરતી હોય છે. જેથી પોતાનો બાપ હળવાશથી સૂઈ જાય. બાપ દીકરીને વાપરવાનું કહે છે પણ દીકરી તો બચાવવામાં જ માનતી હોય છે. પોતાના બાપને વધુ ખર્ચ ન થાય તેની કાળજી દીકરી રાખતી હોય છે. પોતાના ખર્ચમાં કાપ મૂકતી દીકરી બાપ માટે વપરવામાં પાછી પાની કરતી નથી. બાપના દરેક સવાલનો દીકરી પાસે એક જ જવાબ હોય છે. 'ચાલશે, ભાવશે અને ફાવશે.' કયારેય કોઈ માંગણી નહીં, માત્ર લાગણી જ. સતત લાગણીથી નીતરતી દીકરી સાથે એક જ થાળીમાં ખાવાનું કયા બાપને ન ગમે ? સાસરીમાંથી પિયર આવેલી દીકરી સાથે એક જ થાળીમાં ખાવાનો મોકો બાપ માટે સંભારણું બની જાય છે. કયારેક તો પપ્પાની જીભ ફરતી હોય છે ત્યારે દીકરીના પગ ફરતા હોય છે, છતાં દીકરીને થાક નથી લાગતો ! ઘરમાં પપ્પાની કઈ વસ્તુ કયાં છે તે સૌથી વધારે દીકરી જ જાણતી હોય છે. પોતાની કોઈ વસ્તુ શોધવા છતાં ન મળે ત્યારે પપ્પા સૌથી પહેલાં દીકરીને પૂછતાં હોય છે. પપ્પાની બિમારી વખતે દરેક દીકરી મા બની જાય છે. બીમારીમાં સપડાયેલા બાપની ચાકરી માટે જ દીકરીનું સર્જન થયું હશે એમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી જ. હોસ્પિટલમાં દાખલ થયેલ બાપ પાસે પહોંચવામાં દીકરો મોડો પડી શકે પણ દીકરી કયારેય મોડી પડી નથી.

એક મા જેમ પોતાના દીકરાને ખવડાવે છે એમ દીકરી પણ પોતાના બાપની મા બનીને ખવડાવતી હોય છે. મમ્મી કે ભાઈ પર ગુસ્સે થયેલ બાપની જીબ જયારે વેગવંતી ટ્રનની ઝડપે ચાલતી હોય છે ત્યારે દીકરીના એક શબ્દ 'પપ્પા' બોલતાની સાથે જ પપ્પાની જીભને બ્રેક વાગી જાય છે. ઘરમાં મા કે દીકરાઓ સામે દાદાગીરી કરતો બાપ દીકરી સામે બિલાડી બની જાય છે. ઓફિસમાં સેવકો ને કે કર્મચારીઓને ખખડાવતો બાપ દીકરી સામે ખખડવામાં સહેજ પણ સંકોચ અનુભવતો નથી. કદાચ એ સત્ય જ હશે કે, આ દુનિયાનો એક પણ બાપ એવો નહીં હોય કે જે તેની દીકરીને ખખડ્યો ન હોય. આવી ખખડવાની મજા માણવાનું નસીબ માત્ર દીકરીના બાપ પાસે જ હોય છે.

(ક્રમશઃ)